# સંજ્ઞા અને તેના પ્રકાર

unacademy

## ✸ સંજ્ઞા એટલે શું ?

- ભાષા વ્યવહારમાં આપણે જગતનાં સર્વે મૃત અને અમૃત (અદ્રશ્યમાન) પદાર્થોને નામથી ઓળખીએ છીએ. આ નામને સંજ્ઞા કહેવાય છે.
- સંજ્ઞાથી વસ્તું, વ્યક્તિ અથવા બાબતને અલગ પાડી શકાય છે.
- વસ્તુને ઓળખવા માટે અને તે અંગે વાત કરવા માટે સંજ્ઞાની જરૂર પડે છે.
- આપણે જોઈ ન શકીએ તેવી બાબતોને પણ નામ આપીએ છીએ.

## ✸ સંજ્ઞાના પ્રકારો :

### (૧) વ્યક્તિવાચક સંજ્ઞા :

- વ્યક્તિ કે પદાર્થને ઓળખવા માટે આપવામાં આવેલા વિશેષ નામને વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય છે.
- પદાર્થ, સ્થળ, નદી, પર્વત, ગામ, દેશ અને અન્ય બાબતોને અપાયેલા ચોક્કસ નામો વ્યક્તિવાચક સંજ્ઞા છે.
- **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| સીતા | શિયાળો | ભારત | સોમવાર | સોમશંકર |
| વરતેજ | ગુલાબ | અમદાવાદ | કારતક | ઉત્તરાયણ |
| વલ્લભભાઈ | સાબરમતી | વસંત | સૂર્ય | લીમડો |
| હિમાલય | ગંગારામ | નરક | સ્વર્ગ | વડ |

| | | | | |
|---|---|---|---|---|
| હિમાલય | ગંગારામ | નર્ક | સ્વર્ગ | વડ |

## (૨) જાતિવાચક સંજ્ઞા :

- વ્યક્તિ કે પદાર્થના આખા વર્ગને કે જાતિને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહેવાય છે.
- જાતિવાચક સંજ્ઞાનો અર્થ આખા વર્ગને લાગું પડે છે જેને વિશેષણ દ્વારા માર્યાદિત કરી શકાય છે.
- **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| નારી | ઝાડ | પુત્રવધુ | જિલ્લો | શહેર |
| સ્ત્રી | તરું | દીકરી | તારો | દેશ |
| ફૂલ | પત્ની | વૃક્ષ | ડુંગર | નદી |
| લોક | માતા | ગ્રહ | પર્વત | પુરુષ |
| પિતા | નેતા | ગામ | વકીલ | શિક્ષક |
| શાળા | વિદ્યાર્થી | ગાય | દોરડું | મામા |

☛ **નોંધ :** કોઈને ચોક્કસ નામ અપાયેલું હોય તે વ્યક્તિવાચકમાં આવે પરંતુ જોઈ ન શકાય તેવા વર્ગને જાતિવાચાકમાં ન આવે ભાવવાચકમાં આવે.

**ઉદાહરણ :** કારતક – વ્યક્તિવાચક   મહિનો – ભાવવાચક

વસંત – વ્યક્તિવાચક   ઋતુઓ – ભાવવાચક

unacademy

## (૩) દ્રવ્યવાચક સંજ્ઞા :

- જે પદાર્થો દ્રવ્ય સ્વરૂપે જોવા મળે છે તેમને દર્શાવતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય છે.
- આ સંજ્ઞાઓને સંખ્યાવાચક વિશેષણો લગતા નથી અને તેમને ગણ્ય વર્ગમાં સમાવી શકાતી નથી.
- આ સંજ્ઞાઓને વજન કરી શકાય છે અથવા માપી શકાય છે.
- **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| હવા | પ્લાસ્ટિક | રૂ | મીઠું | પેટ્રોલ |
| પારો | કાપડ | લોટ | ગોળ | ચાંદી |
| દાળ | તેલ | ખાંડ | બાજરો | ઘી |
| લાકડું | માટી | રેતી | ચોખા | દૂધ |

## (૪) સમૂહવાચક સંજ્ઞા :

- કોઈપણ વર્ગની વ્યક્તિઓ કે પદાર્થનાં સમુહને દર્શાવનાર સંજ્ઞાને સમુહવાચક સંજ્ઞા કહેવાય છે.
- આવી સંજ્ઞાઓ એકવચનમાં પ્રયોજાય છે.
- **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| સરકાર | રેલી | સરઘસ | ટીમ | વર્ગ |
| કુટુંબ | સમિતિ | સૈન્ય | જૂથ | સમાજ |
| બટાલિયન | કાફલો | ઢગલો | પ્રજા | સમુદાય |

| | | | | |
|---|---|---|---|---|
| કુટુંબ | સમિતિ | સૈન્ય | જૂથ | સમાજ |
| બટાલિયન | કાફલો | ઢગલો | પ્રજા | સમુદાય |
| લૂમ | વણજાર | ટુકડી | ઝૂંડ | ભંડોળ |

unacademy

## (૫) ભાવવાચક સંજ્ઞા :

- અમૂર્ત (ન જોઈ શકાય તેવી) બાબતોને દર્શાવનારી સંજ્ઞાઓને ભાવવાચક સંજ્ઞા કહેવાય છે.
- આવી સંજ્ઞાને જોઈ કે સ્પર્શી શકાતી નથી માત્ર તેનો અનુભવ કરી શકાય છે.
- **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| માનવતા | દુઃખ | આનંદ | સેવા | કિલોગ્રામ |
| સજ્જનતા | સુખ | ઘૃણા | નૃત્ય | ગુસ્સો |
| સર્જન | મોક્ષ | મહિનો | પ્રેમ | મુક્તિ |
| શોખ | વમળતા | વાર | સંઘર્ષ | વંદન |
| ફરજ | બાળપણ | યુવાની | ઠંડી | અનુભવ |
| સફળતા | વિચાર | લગ્ન | રાત | નિષ્ઠા |
| ભાષા | ધર્મ | છૂટાછેડા | દિવસ | ગરમી |